# ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન,
## ગાંધીનગર.

# માહિતી(મેળવવાના) અધિકાર અધિનિયમ–૨૦૦૫
# અન્વયે
# કોર્પોરેશનના સુધારેલ નિયમ સંગ્રહ–૧ થી ૧૭

---


**બ્લોક નં.૧૦, બીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**
ફોન નંબર : (૦૭૯) ૨૩૨૫૩૮૮૧, ૨૩૨૫૩૮૮૨,
૨૩૨૫૩૮૮૩,૨૩૨૫૩૮૭૮,૨૩૨૫૭૮૮૬,૨૩૨૫૩૮૯૨,૨૩૨૫૩૮૮૦
ફેક્સ–૨૩૨૨૦૬૫૩

# વર્ષ :– ૨૦૨૩–૨૪

## *પ્રકરણ–૧*

## *પ્રસ્તાવના*

માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ સરકારી તંત્ર પાસેથી ખૂબજ મોટી અપેક્ષા રખાયેલ છે. જેમાં રાજય સરકારના પ્રત્યેક જાહેર સાહસના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સાહસના નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકો મેળવી શકે તેવા માહિતીના અધિકારના અન્વયે આનુષાંગિક બાબતો માટેની જોગવાઈ કરવા ૨૦૦૫ નો માહિતી અધિકાર બાબતનો અધિનિયમ લાવવામાં આવેલ છે.

લોકશાહીમાં નાગરિકોને માહિતગાર રાખવા અને તેની (લોકશાહીની) કામગીરી તેવી માહિતીની પારદિર્શતા માટે મહત્વની જરૂરી છે. અને ભ્રષ્ટ્રાચારને નિયંત્રણમાં રાખવા અને સરકારો અને તેના માધ્યમો પ્રજાને જવાબદાર રહે તે પણ જરૂરી હોય છે. આથી જે નાગરિકો માહિતી મેળવવા માંગતા હોય તેમને અમુક માહિતી પુરી પાડવા માટેની જોગવાઈ કરવી ઈષ્ટ હોઈ માહિતી (મેળવવાના) અધિકાર, અધિનિયમ–૨૦૦૫ ઘડાયો છે. તેથી હવે જે નાગરિકો માહિતી મેળવવા માગતા હોઈ તેમને અમુક માહિતી પુરી પાડવાની જોગવાઈ પણ સદરહું અધિનિયમમાં કરવામાં આવેલ છે. આ અધિનિયમ હેઠળ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના નિયમ સંગ્રહ–૧ થી નિયમ સંગ્રહ–૧૭ બહાર પાડવામાં આવે છે. જે નાગરિકોને કોર્પોરેશનની સહજ રીતે જાણકારી પુરી પાડી ખૂબ જ ઉપયોગી થઈ પડશે. તેવી આશા અને શ્રધ્ધા રાખું છું.

શ્રી પ્રકાશ સોલંકી, આઈ.એ.એસ.
મેનેજીગ ડીરેકટર

# <u>પ્રકરણ–૨</u>
# <u>(નિયમ સંગ્રહ–૧)</u>

## <u>કોર્પોરેશનની વિગતો, કાર્યો અને ફરજો :</u>

### <u>રચના :</u>

સને–૧૮૬૦ ના સોસાયટી રજીસ્ટ્રેશન એકટ હેઠળ, તા.૫–૫–૭૫ થી હરિજન ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના થયેલ હતી. આ નિગમની રચના કરવામાં મૂળભૂત ઉદ્દેશ અનુસૂચિત જાતિનો સંપૂર્ણ રીતે વિકાસ થાય અને સમાજમાં તેઓ માનભર્યુ જીવન જીવી શકે તે માટે આર્થિક રીતે પગભર બનાવવાનો હતો. પરંતુ નિગમની રચના થયા પછી અનુભવે જણાયુ કે, આ નિગમની રચનાનું માળખું કેન્દ્ર સરકારશ્રી અને રાજય સરકારશ્રીની નીતિને અનુરૂપ ન હોવાથી નિગમના માળખામાં યોગ્ય સુધારો કરી તા.૨૨, નવેમ્બર,૧૯૭૯ માં નિગમના માળખાનું સને–૧૯૫૬ ના ભારતીય કંપની ધારા હેઠળ સરકારશ્રીના એક જાહેર સાહસ તરીકે રૂપાંતર કરવામાં આવ્યું અને તે રીતે ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિ.,ગાંધીનગર તરીકે રૂ.૧૫/– કરોડની શેરમૂડી સાથે કાર્યરત બન્યુ હતું. ત્યાર બાદ સને–૧૯૮૫ માં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન કાયદો–૧૯૮૫ (ગુજરાતનો ૧૯૮૫ નો ૧૦ મો) ગુજરાત વિધાનસભામાં પસાર કરવામાં આવેલ જે અધિનિયમ મુજબ સમાજ કલ્યાણ વિભાગ, (હાલના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ) ગાંધીનગરના તા.૬–૭–૯૬ ના જાહેરનામા થી આ નિગમને વૈધાનિક કોર્પોરેશન તરીકે તા.૧૫–૮–૯૬ થી ૫૦ કરોડની પ્રારંભિક અધિકૃત શેરમૂડી સાથે કાર્યન્વીત કરવામાં આવ્યું. જે અધિકૃત શેરમુડી સરકારશ્રી ધ્વારા વર્ષ ૨૦૦૨ માં રૂ.૫૦/– કરોડની કરવામાં આવેલ છે. જે પૈકી ૪૨.૨૮ કરોડની શેર મૂડી ભરપાઈ થયેલ છે.

ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિ.,ગાંધીનગર વૈધાનિક કોર્પોરેશન જાહેર થતાં ગુજરાત અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લિ.ની તમામ મિલ્કતો અને જવાબદારીઓ વૈધાનિક કોર્પોરેશનમાં તબદીલ કરવામાં આવેલ છે.

## <u>ઉદ્દેશ,કાર્ય અને ફરજો :</u>

કોર્પોરેશનનું મુખ્ય કાર્ય ગુજરાત રાજયમાંના અનુસૂચિત જાતિઓના વ્યકિતઓની સામાજિક અને આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાનું છે. અને આવું મુખ્ય કાર્ય અને ફરજો બજાવવા માટે જરૂરી હોય તેવી તમામ સત્તા વાપરીને તેવા તમામ કાર્યો કરશે. જેમાં મુખ્ય કાર્યો નીચે મુજબ છે.

૧. અનુસૂચિત જાતિઓના સભ્યો માટે સ્વરોજગારની તકોને ઉત્તેજન આપવાની.
૨. અનુસૂચિત જાતિના સભ્યોને લોનો આપવાની અથવા તેમને માટે સુરક્ષિત લોનો મેળવવામાં સહાયરૂપ થવું.
૩. રાજય સરકાર નિદિષ્ટ કરે તેવી શરતોને આધિન રહીને,નાણાં ઉછીના લેવાની ૪. અનુસૂચિત જાતિઓના સંગઠનોના સભ્યોને ગ્રાન્ટ અને આર્થિક સહાય આપવાની અને તેઓએ લીધેલ લોનોની બાહેંધરી આપવાની.
૫. રાજય સરકાર કોર્પોરેશનને સોંપે તેવી અન્ય કોઈ પ્રવૃત્તિ હાથ ધરવાની.

ઉપર મુજબ દર્શાવેલ મુખ્ય કાર્યો અન્વયે હાલ આ કોર્પોરેશન નીચે મુજબની યોજનાકીય કામગીરી કરે છે.

## <u>કોર્પોરેશનની હાલની યોજનાઓની રૂપરેખા :–</u>

### ૧. <u>બેન્કેબલ યોજના :</u>

રાષ્ટ્રીયકૃત બેન્કો મારફત ધિરાણ અપાવવાની કાર્યવાહી, જેમાં ધિરાણના ૫૦ % ના ધોરણે વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦/– ની સબસીડી આપવામાં આવે છે.

### ૨. <u>એન.એસ.એફ.ડી.સી. યોજના :</u>

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી સહાયિત સીધા ધિરાણની યોજના હેઠળ ૧ % થી ૫ % સુધીના નજીવા દરે ધિરાણ આપવામાં આવે છે. જેમાં પણ ગરીબી રેખા નીચેની આવક ધરાવતાં અનુસૂચિત જાતિના વ્યકિતઓને ધિરાણના ૫૦ % ના ધોરણે વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦/– સહાય આપવામાં આવે છે.

૩. **<u>રાજય સરકાર સહાયિત ધિરાણની યોજના :</u>**

રાજય સરકાર સહાયિત સીધા ધિરાણની યોજના હેઠળ ૧ % થી ૪ % સુધીના નજીવા દરે ધિરાણ આપવામાં આવે છે. જેમાં પણ ગરીબી રેખા નીચેની આવક ધરાવતાં અનુસૂચિત જાતિના વ્યકિતઓને ધિરાણના ૫૦ % ના ધોરણે વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦/– સહાય આપવામાં આવે છે.

૪. **<u>તાલીમ યોજના :</u>**

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ SCA TO SCSP યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના વ્યકિતઓને તાલીમ મેળવી સ્વરોજગારી પ્રાપ્ત કરી શકે તે સારૂં પ્રતિષ્ઠિત સ્વૈચ્છિક સંસ્થાઓ અથવા સરકારી સંસ્થાઓ મારફત તાલીમ આપવા કાર્યવાહી કરવામાં આવે છે.

૫. **<u>શૈક્ષણિક લોન યોજના</u>**:–

એન.એસ.એફ.ડી.સી. તરફથી નવી દિલ્હી ધ્વારા સહાયિત અનુસૂચિત જાતિના વિધાર્થીઓને વ્યવસાયિક અને તકનિકી અભ્યાસ માટે વિદેશમાં અભ્યાસ માટે રૂા.૨૦.૦૦ લાખની મર્યાદામાં વાર્ષિક ૪% ના દરથી (મહિલાઓ માટે ૩.૫%) ધિરાણ આપવામાં આવે છે.

## **<u>વહીવટી કચેરીઓ :</u>**

(૧) રાજય કક્ષાએ કચેરી :

મેનેજીંગ ડીરેકટર,
ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન,
બ્લોક નં.૧૦,બીજો માળ,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) જિલ્લા કક્ષાએ કચેરી (ડાંગ સિવાય દરેક જિલ્લામાં) :

જિલ્લા મેનેજરશ્રી,
ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન.

(નવા રચાયેલ જિલ્લાઓની કામગીરી અનુક્રમે એટલે કે દ્વારકાની જામનગર, મોરબીની રાજકોટ, બોટાદની ભાવનગર, પોરબંદર અને ગીર સોમનાથની જૂનાગઢ, અરવલ્લીની સાબરકાંઠા, પાટણની મહેસાણા, આણંદની ખેડા, મહિસાગર અને દાહોદની પંચમહાલ, છોટા ઉદેપુરની વડોદરા, નર્મદાની ભરૂચ, તાપીની સુરત, નવસારી અને ડાંગની વલસાડ ખાતેના જિલ્લા સાથે સાંકળી લીધેલ છે.)

(૩) બ્લોક કક્ષાએ(તમામ તાલુકાઓમાં) :

તાલુકા પંચાયત કચેરીમાં બેસતા સમાજ કલ્યાણ નિરિક્ષકશ્રીની સેવાઓ લેવાય છે.

## **<u>અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટેની લોકો પાસેથી કોર્પોરેશનની અપેક્ષાઓ</u>**

કોર્પોરેશન પોતાની યોજનાકીય પ્રવૃત્તિઓ દુર દુરના ગામડાઓ સુધી પહોંચાડી શકે અને જરૂરીયાતમંદ વ્યકિતઓ લાભ લઈ શકે તે માટે નીચે મુજબની અપેક્ષાઓ પ્રજા પાસે રાખે છે.

(૧) પ્રજાના સેવકો તથા અનુસૂચિત જાતિના સંગઠનો કોર્પોરેશનની યોજનાઓનો પ્રચાર અને પ્રસાર કરે.
(૨) અનુસૂચિત જાતિના ગ્રામ્ય કક્ષાએ,તાલુકા કક્ષાએ,જિલ્લા કક્ષાએ તથા રાજય કક્ષાએ રચાયેલા સંગઠનો કોર્પોરેશનની યોજનાઓમાં રહેલી ત્રુટિઓ બાબતે ધ્યાન દોરે.
(૩) ઉપર મુદા નં.–૨ માં દર્શાવેલા સંગઠનો હાલની યોજનાઓ હજુ પણ વધુ અસરકારક અને પોષણક્ષમ કેવી રીતે બને તે બાબતે સુચનો કરે.

(૪) ગ્રામ્ય કક્ષાએ યોજાતી ગ્રામ સભાઓ મારફત જરૂરીયાતમંદ વ્યકિતઓ/ લાભાર્થી નિયત થાય.

**કચેરીનો સમય :** (અ) કચેરી સમય શરૂ થવાનો સમય : ૧૦–૩૦
(બ) કચેરી બંધ થવાનો સમય : ૧૮–૧૦

## કોર્પોરેશનનું નિયામક મંડળ :–

કોર્પોરેશનનું નિયામક મંડળ ગુજરાત અનુસૂચિત જાતિ કોર્પોરેશન કાયદો ૧૯૮૫(ગુજરાતનો ૧૯૮૫ નો દસમો) ની કલમ–૫ ની જોગવાઈ મુજબ નીચે પ્રમાણે છે.

કોર્પોરેશન ૧૫ થી વધુ નહિં તેટલા નિયામક સભ્યશ્રીઓનું બનેલું રહેશે. જે પૈકી ત્રણથી ઓછી નહિં તેટલા સરકારી નિયામકશ્રી અને બાકીના નિયામકશ્રીઓ બિનસરકારી રહેશે. વિશેષમાં બિનસરકારી નિયામકશ્રીઓ પૈકી ઓછામાં ઓછાં છ સભ્યો અનુસૂચિત જાતિના રહેશે. બિન સરકારી સભ્ય પૈકી ઓછામાં ઓછા એક સભ્ય મહિલાને નિયુકત કરવાની જોગવાઈ છે. હાલ ઉપરોકત જોગવાઈ અન્વયે નીચે મુજબનું નિયામક મંડળ અસ્તિત્વમાં છે.

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી સુનયના તોમર, આઈ.એ.એસ. | માન. અધ્યક્ષશ્રી<br>ગુજરાત અનુ.જાતિ વિકાસ કોર્પો.,<br>ગાંધીનગર |
| ૧૨. | શ્રી પ્રકાશ સોલંકી , આઈ.એ.એસ. | સભ્યશ્રી<br>મેનેજીંગ ડીરેકટરશ્રી,<br>ગુજ.અનુ.જાતિ વિકાસ કોર્પોરેશન,<br>ગાંધીનગર |
| ૧૩. | શ્રી જીગર પટેલ | સભ્યશ્રી<br>નાયબ સચિવશ્રી,<br>અનુસૂચિત જાતિ<br>સામા.ન્યાય અને અધિ.વિભાગ,<br>ગાંધીનગર |
| ૧૪. | શ્રી એ.ટી.સંગાડા | સભ્યશ્રી<br>નાણાંકીય સલાહકારશ્રી,<br>સામા.ન્યાય અને અધિ.વિભાગ,<br>ગાંધીનગર |